# અક્રમ યુથ

નવેમ્બર ૨૦૧૭ ગુજરાતી

દાદા ભગવાન પરિવાર

₹ 20



## શંકા

Dada's Youth Network

# અનુક્રમણિકા


4 સર્વે

6 જ્ઞાની વિથ યુથ

8 કુંતી અને સૂર્યદેવ

10 શંકા અંધ બનાવે

12 શું યશ અને ખુશીનું અફેર છે ?

14 જ્ઞાનીની વૈજ્ઞાનિક દ્રષ્ટિ

15 અનુભવ

16 Activity

18 The Experiment

19 આ તો નવી જ વાત

20 Maha Fusion

23 Puzzles


You need to download QR Code Scanner
App from Play store or iTunes Store

**Visit : http://youth.dadabhagwan.org/Gallery/Akram-Youth**

Download free ebook / PDF versions of all
Akram Youth issues by scanning this QR code


**તંત્રી**
ડિમ્પલ મહેતા
વર્ષ: ૫, અંક : ૦૭
સળંગ અંક : ૫૫
નવેમ્બર ૨૦૧૭



**સંપર્ક સૂત્ર :**
જ્ઞાનીની છાયામાં,
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઇવે,
મુ.પો. - અડાલજ
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email: akramyouth@dadabhagwan.org
website: youth.dadabhagwan.org



**Printed & Published by**
**Dimple Mehta** on behalf of
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj -
382421. Dist- Gandhinagar

**Owned by**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj -
382421. Dist- Gandhinagar

**Printed at : Amba Offset**
Parshvanath Chambers,
Usmanpura, Ahmedabad-
380014, Gujarat, India

**Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj -
382421. Dist- Gandhinagar

કવર પેજ સાથે કુલ ૨૪ પેજ
**લવાજમ (ગુજરાતી)**
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D/M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'
ના નામે મોકલવો.



# સંપાદકીય

આપણા સહુમાં એક વસ્તુ સમાન છે કે, આપણે કોઈ નજીવી બાબત માટે ડરતાં હોઈએ છીએ કે ટેન્શન (તણાવ)માં આવી જઈએ છીએ. પછી, અચાનક આપણને સમજાય છે કે આના વિષે તો વિચારવાની પણ જરૂર ન હતી અને એમાંય, આ આટલી તકલીફની શરૂઆત એક સાવ નાની બાબતથી થાય છે - શંકા. શું હું પરીક્ષામાં પાસ થઈશ કે મને નોકરી મળશે કે મારી દીકરીનું કોઈની જોડે લફરું હશે તો શું થશે? વગેરે. એવી કોઈ વસ્તુ છે કે જેના વિષે આપણે શંકા નથી કરતાં કે જેનાથી આપણે નથી ડરતાં? આ બતાવે છે કે આપણે જે મઝામાં અને આનદમાં રહેવાનું હતું એને આપણે કેટલું પાછળ છોડી આવ્યા? સમસ્યામાં અટવાયેલી વ્યક્તિની લાક્ષણિકતા એ છે કે એને બધી જ વસ્તુઓ વિષે શંકા ઊભી થાય છે અને એનાથી ડર લાગે છે.

દાદાશ્રી કહેતાં, ''શંકા અને ડર, કૉઝ (કારણ) અને ઈફેક્ટ (અસર) જેવાં છે. શંકાના એક નાના બીજમાંથી આખું જંગલ ઊભું થઈ જાય છે. ક્યારેક તમારા (મન)માં શંકાશીલ વિચાર ઉદભવે અને થોડાક સમય સુધી ચાલે, તો એ સામી વ્યક્તિ સુધી પહોંચી જાય છે અને એનો વ્યાપ વધતો જાય છે.'' કોઈ વ્યકિત કે વસ્તુ વિષે શંકા કરતાં પહેલાં આપણે આવું ક્યારેક વિચાર્યું ન હતું. આ અંકનો વિષય એ જ છે કે, શંકા ન કરવી એ કેમ યોગ્ય છે અને એવી ન કરવાના રસ્તાઓ ક્યા છે. આશા છે કે આ અંક તમારા જીવનને વધારે સારું અને સુખમય બનાવવામાં મદદ કરશે!

-ડિમ્પલ મહેતા




## તમે શંકા વિષે શું વિચારો છો?



## મોટા ભાગે આપણે કોના પર શંકા કરીએ છીએ ?

- માતા-પિતા બાળકો પર.
- આપણી અપેક્ષા પ્રમાણે ન કરે તેના પર.
- જેના પર વિશ્વાસ ના કરતાં હોઈએ તેના પર.
- મિત્રો પર
- કુટુંબના સભ્યો પર
- નજીકની વ્યક્તિ પર.

2

3

## શું કોઈના પર શંકા કરવી એ સારું છે?

જો 'હા' તો કેમ?

જો "ના", તો કેમ ?

**હા**.... જયારે તમારું બધું જ કોઈને આપો છો અને તે એવું વર્તન કરે જે સારું નથી, તો ત્યાં, શંકા કરવી જોઈએ કે, તે ક્યાં ખોટું કરી રહ્યો છે?

**ના**... તમે ત્યારે જ શંકાનો અનુભવ કરો છો જયારે તમને સામે વાળી વ્યક્તિ પર વિશ્વાસ નથી હોતો.

**ના**

શંકા કરવાથી અંદર અંદર ગૂંચવાય અને તે માણસને Negative બનાવે છે.

**ના**

શંકા કરવાનો કોઈ મતલબ નથી કારણ કે, સાચી વાત જાણી લઈએ તો બધા જોડે અભેદ રહી શકીએ અને કોઈની જોડે રાગ-દ્વેષ ના રહે.

**હા**

શંકા કરવી જરૂરી છે, તો જ તમને વધુ ઊંડાણ સુધી જાણવા મળશે.



# જ્ઞાની વિથ યુથ

**પ્રશ્નકર્તા :** દાદાશ્રી કહે છે કે એકવાર ઊભી થાય એ શંકા અને બીજી જગ્યાએ આવી વાત થાય કે શંકા endless વસ્તુ છે તો એ બે કેવી રીતે ?

**પૂજ્યશ્રી :** શંકા endless એટલે શું કે શંકા પડી પછી એનો કોઈ તાળો મળતો જ નથી, પણ પેલું મહીંથી ભોગવટો જતો નથી, કોઈને ધણી ઉપર શંકા પડે, કોઈકને પત્ની ઉપર પડે, છોકરી ઉપર

પડે, આ કર્યું છે આણે. છોકરા ઉપરેય પડે કે, કંઈ પીને આવે છે, સિગારેટ નહીં તો દારૂ. એ શંકા પડીને પછી આખો દહાડો એની પાછળ... પેલી માખી ગોળની પાછળ ફર્યા કરે, એમ એની પાછળ વૃતિઓ ફર્યા જ કરે કે આ શું કરતી હશે? પેલો શું કરતો હશે? આમ કેમ છે? પેલું કેમ છે? કેમ મોડું થયું? કોની સાથે વાત કરતો હશે? ફોનમાં કંઈક છે કે નહિ? શંકા પડી તો કેમ? તો અત્યંત મોહ હોય ત્યાં શંકા જબરદસ્ત પડે અને પછી શંકા નો એ કીડો પોતાને કોરી ખાય. રાત્રે ઊંઘ ન આવે, ખાવાનું ચેન ના પડે, સંસારમાં શાંતિ ના મળે. એટલે શંકા તોડી નાખવી પડે, સમજી સમજીને તોડ તોડ કરવાની શંકા, પણ એક દહાડામાં નહિ, કહે છે, શંકા endless છે, એ બે- વર્ષ ચાલે, ત્રણ- વર્ષ પણ ચાલે. એ બંધ જ ના થાય. એટલે એ બહુ ભારે રોગ છે.

**પ્રશ્નકર્તા :** પણ, એવું હોય કે, કોઈ આપણને ચેતવતું હોય કે આ વ્યક્તિ બરાબર નથી અને તે જ વ્યક્તિ સાથે કામ કરવાનું હોય અને બીજા લોકોએ પણ કહ્યું હોય કે ચેતીને રહેજો, તો આપણને શંકા ઊભી થઈ જાય.

**પૂજ્યશ્રી :** એ તો નાનકડી શંકા કહેવાય.

**પ્રશ્નકર્તા :** પણ, પછી જયારે જયારે એને જોઈએ ત્યારે એ જ ઊભું થાય, હા !'આવું જ હશે.'

**પૂજ્યશ્રી :** એ અભિપ્રાય કહેવાય કે ''આવો જ હશે'', શંકા તો જુદી વસ્તુ છે, શંકા તો જીવતા મડદાની જેમ હોય, આ તો એક જાતનો અભિપ્રાય થયો કે, ''આ માણસ જુઠો છે, હાથનો મેલો છે, આની સાથે વ્યવહાર ચેતીને કરવો પડે.''

**પ્રશ્નકર્તા :** એટલે ખરેખર એ શંકા છે કે નહિ ?

**પૂજ્યશ્રી :** આ તો સાંભળેલી વાત છે, પુરાવા શું ? હવે જો એ માણસ સાથે કામ કરવું પડે જ તો અભિપ્રાય ના રાખશો. જે બને એ સાચું, સાચવીને રહેશું. સાચવીને એટલે શું ? ધારો કે નોકર ઉપર શંકા પડે છે, કે એ કોટમાંથી પૈસા કાઢે છે, તો કબાટમાં બધું સાચવીને મૂકી દો, દાગીના સાચવીને મૂકી દો.

**પ્રશ્નકર્તા :** તો એ શંકા ના કહેવાય ?

**પૂજ્યશ્રી :** ના, એ શંકા ના કહેવાય, વ્યવહાર કહેવાય. સાચવી લીધું, શંકા ક્યારે કહેવાય, કે બીજે દહાડે એ ઘરમાં ફરતો હોય તો મનમાં થાય જો આ ચોરી કરશે જ એ પૂર્વગ્રહ કહેવાય પછી કોઈની સાથે વાત કરીએ, આ નોકરો-ચોર માણસો, એ બધા અભિપ્રાય કહેવાય.

**પ્રશ્નકર્તા :** તો નાના પ્રકારની શંકાઓ છે એમાં ચકાસણી કરવા જવાની કે, આ સાચું હશે કે ?

**પૂજ્યશ્રી :** એટલે શંકા તોડી નાખવાની પહેલાં, અભિપ્રાય તોડી નાખવાના, શું બને છે જુઓ તો ખરા, દરેક વખતે આવું બને છે કે નહિ, તમે ચેક કરશોને કે, અભિપ્રાય આપ્યા હોય કે હમણાં આમ જ કરશે !પણ ખરેખર એવું ના જ બન્યું હોય, તો આપણે માનેલી શંકા આપણને જ દુઃખ આપે છે.

**પ્રશ્નકર્તા :** એના માટે એ એક જ solution છે, કે આપણે શંકા જ નહીં રાખવાની ?

**પૂજ્યશ્રી :** હા, **પાંચ આજ્ઞાથી નિર્દોષ દેખાવો જોઇએ અને શુદ્ધાત્મા દેખાવો જોઈએ તો આપણે ચોખ્ખા થયા કહેવાશે, નહીં તો આપણો રોગ આપણને જ નુકસાન કરશે.** પેલા માણસને કંઈ ફરક પડવાનો નથી. એ જેવો છે, એવો જ રહેશે નહીં તો આપણે ગુનામાં આવી જઈશું .



# કુંતી અને સૂર્યદેવ

રાજા કુંતીભોજની પુત્રી કુંતી, રાજકુમારી કુંતી. વનમાં ફૂલ લેવા માટે જાય છે. રાજકુમારી તેમની સહેલીઓ સાથે વનમાં હસતાં-રમતાં વિચરતાં હોય છે. ત્યાં તેમને એક આશ્રમ દેખાય છે. ઋષિ દુર્વાસાનો આશ્રમ. રાજકુમારીને આ ઋષિને જોતાની સાથે જ તેમની સેવા કરવાનો ભાવ થાય છે, અને તેઓ આશ્રમમાં રોકાઈને ઋષિ દુર્વાસાની ખૂબ દિલથી સેવા કરે છે.

એક રાજકુમારીની આવી સુંદર સેવા જોઇને ઋષિ ખૂબ પ્રસન્ન થયા. તેઓ વિચારે છે કે, એક રાજકુમારી વનમાં રહીને, બધા વૈભવ છોડીને આ આશ્રમમાં એક ઋષિની સેવા કરે છે. આ ખૂબ જ ઊંચા ગુણો ધરાવે છે. આવું વિચારીને ઋષિ દુર્વાસા રાજકુમારી કુંતીને વરદાન આપે છે.

રાજકુમારી કુંતી અમે તમને વરદાન આપીએ છીએ, ''જ્યારે પણ તમે જે દેવનું આવાહન કરીને તેમને પ્રગટ થવા કહેશો, ત્યારે તે દેવ તમારી સામે હાજર થશે અને તમને જે જોઈએ એ આપશે.''

રાજકુમારી ખૂબ ખુશ થયા અને મહેલ તરફ પાછા ફર્યા. પરંતુ કુંતીને મનમાં હંમેશાં એવી શંકા થતી કે, સાચે હું જે દેવને પ્રાર્થના કરું તે હાજર થાય ? આ શંકાનું સમાધાન મેળવવા તેમણે વિચાર્યું કે હું એકવાર ચકાસણી તો કરી જોઉં કે આ વરદાન સાચું છે કે ખોટું. આવું વિચારીને કુંતી સૂર્યદેવ ને પ્રાર્થના કરે છે અને સૂર્યદેવ સાચે જ તેની સામે હાજર થાય છે અને પૂછે છે, ''બોલો રાજકુમારી, તમારે શું જોઈએ છે?'' કુંતી કહે છે, **''મને દુર્વાસા ઋષિએ આપેલ વરદાન સાચું છે કે નહિ તેવી શંકા થતાં તેનું સમાધાન મેળવવા માટે મેં તમને પ્રાર્થના કરી.''**

આ સાંભળી સૂર્યદેવ કહે છે, ''દુર્વાસા મુનિએ આપેલા વરદાનને કારણે મારે તમને કંઈક તો આપવું જ પડે આથી તમારે શું જોઈએ છે ? માંગો.

કુંતી કહે છે, ''ક્ષમા, સૂર્યદેવ! મેં માત્ર શંકાના સમાધાન માટે આપનું આવાહન કર્યું, મને માફ કરો. છતાં પણ, સૂર્યદેવ કુંતીને કુંડળ અને કવચ ધરાવતો પુત્ર (બાળક) આપીને જાય છે અને આ રીતે કર્ણનો જન્મ થાય છે. પછી કુંતી સમાજના ડરથી એ બાળકને નદીમાં વહેતું મૂકી દે છે. આમ, શંકાનું સમાધાન મેળવવા ગયેલી કુંતી એ બાળકની પોતે ગુનેગાર છે, એવું વિચારી દુઃખમાં અને ખેદમાં આખી જિંદગી પસાર કરે છે.

# શંકા અંધ બનાવે



લક્ષ્મીચંદ મહારાજ, શેઠના ઘરે ગૃહ શાંતિ પૂજા કરાવે છે.
લક્ષ્મીચંદ તમારી પૂજાથી સંતુષ્ટ થઈને આ બકરી ભેટ આપું છું.
લક્ષ્મીચંદ ખૂબ ખુશ થઈને બકરી ખભે નાખીને ઘર તરફ ચાલવા માંડે છે.
આ બકરીને પાળીને મોટી કરીશ અને એનાથી જે દૂધ મળશે તે વેચીને ખૂબ પૈસાદાર બનીશ.
ત્રણ ઠગ વાત કરે છે.
ચાલો આ બ્રાહ્મણને લૂંટી લઈએ.
આમ પણ તે બ્રાહ્મણ સાવ બુદ્ધુ જ દેખાય છે.


લક્ષ્મીચંદના રસ્તામાં એક ઠગ ઊભો હોય છે.
મહારાજ, કેમ? કૂતરું ખભે નાખીને જઈ રહ્યા છો.
આ તો બકરી છે.
મહારાજ આ શું ? કુતરું ખભે નાખ્યું ?
સાચે જ કૂતરું છે કે શું ? નાના, બકરી જ છે.
મહારાજ કૂતરું કેમ ચડાવ્યું છે, નીચે ઉતારો પહેલાં...
સાચે કૂતરું જ લાગે છે. શેઠે કૂતરું જ આપી દીધું છે.
લક્ષ્મીચંદ બકરું ફેંકી દે છે.

# શું યશ અને ખુશીનું અફેર છે ?

નિધિ પૂર જોશમાં ગાડી ચલાવીને, ખુશી અને યશનો પીછો કરે છે. પણ, આ સુરત શહેરનો traffic..... નિધિને એ બંનેની ગાડી દેખાવાની બંધ થઈ. પણ, એના ચિત્તમાં તો હજુ ચાલે જ છે.

નિધિ પોતાની ગાડીને તો ઘર તરફ વાળે છે. પરંતુ, એનું ચિત્ત, મન, બધું જ ખુશી અને યશની પાછળ જ છે. એ બંને ક્યાં ગયાં હશે?, મને કહ્યું પણ નહિ કે ક્યાં જાય છે ? કદાચ બંને ફરવા ગયા હશે ? હા, હવે તો એમને મારી મિત્રતા ક્યાં ગમે છે? મારાથી કેમ છૂટકારો મળે એ જ બંને વિચારતા હોય. આવા, અવનવા વિચારો સાથે ઘરમાં પ્રવેશે છે.

''ઓ...હો... મારી દીકરી આવી ગઈ.'' નિધિના મમ્મી પ્રેમથી તેને બોલાવે છે પણ, નિધિ કંઈ પણ જવાબ આપ્યા વગર પોતાના રૂમમાં જાય છે. પણ એના વિચારોના વમળો તો હજુ શરૂ જ છે. 'આ બંનેનું કંઈ ચક્કર ચાલતું લાગે છે. આમ, પણ જ્યારથી બન્નેએ annual function માં સાથે નાટક કર્યું છે ત્યારથી જ મને ignore કરે છે. અત્યારે પણ બંને garden માં બેસીને વાતો કરતાં હશે! ત્યાં નિધિના મમ્મી તેને માટે જમવાનું લઈને આવે છે, ચાલ બેટા, જમી લે, સવારની ઘરેથી નીકળી હતી. ''નિધિ જમતાં જમતાં મમ્મીને પૂછે છે, ''મમ્મી ! કોઈ આપણી સાથે પહેલાં ખૂબ લાગણીથી રહે, બધાં promise આપે અને પછી સમય જતાં આપણી સાથે ખરાબ વર્તન કરે આવું શું કામ કરતાં હશે?''



**મમ્મીઃ** ''તારી સાથે આવું કોણે કર્યું, બેટા ?

**નિધિ :** આ બંને જોને, ખુશી અને યશ. જયારે અમે કૉલેજમાં મળ્યા તે દિવસથી સાથે જ છીએ, ત્યારે તો એણે કેટકેટલા promise કર્યા હતાં. આપણે ત્રણેય હંમેશાં સાથે રહીશું, એક-બીજાને બધું share કરીશું. એક-બીજાને હેલ્પ કરીશું અને હવે,.....

''હવે, શું!'' નિધિના મમ્મી કુતૂહલતાથી પૂછે છે.

**નિધિઃ** જવા દે ને મમ્મી, હું જાતે જ handle કરી લઈશ. સારુ તને જેમ ઠીક લાગે તેમ, કહીને નિધિના મમ્મી dish લઈને જતા રહે છે. પણ, આ શું? નિધિ તો હજુ એ જ વિચારોમાં છે.'' તે બંને શું કરતાં હશે ? લાવ, ફોન કરીને પૂછી જોઉં, ના જવા દે એ લોકોની વચ્ચે આવવાની મારે શું જરૂર છે? ખબર નહીં, શું ખુશીએ જાદુ કર્યો છે તે યશને પણ મારી ફીલીંગ સમજાતી નથી. આમ, પણ મને પહેલેથી જ એના ઉપર શંકા હતી. એને હું પસંદ જ નહોતી ક્યારેય. નક્કી એ બંનેનું affair સ્ટાર્ટ થઈ ગયું છે, એટલે જ મને કોઈ જગ્યાએ સાથે લઈ જતાં નથી.



## નિધિ ઓશિકા પર માથું નાંખી, આવા અસંખ્ય વિચારોના વમળોમાં ફસાઈ ગઈ. ચાલો જોઈએ, આ વિષે દાદાશ્રી શું કહે છે!

# જ્ઞાનીની વૈજ્ઞાનિક દ્રષ્ટિ




એટલે શંકા ક્યાં હોય? કે બેનું કઈ અનુસંધાન હોય, એ બેમાં પોતાના નક્કી કર્યા પ્રમાણે કંઈ જો આઘું પાછું થાય ત્યારે શંકા પડે કે આ શું છે તે!

**દાદાશ્રીઃ** તમને શંકા આવે તો શું કરો?

**પ્રશ્નકર્તાઃ** ચકાસણી કરીએ.

**દાદાશ્રીઃ** ચકાસણી કરવાથી તો વધારે શંકા પડે. હવે આ જે શંકા છે ને, આ દુનિયામાં કોઈ ચીજ, જો કોઈ પણ રીતે આરાધવા જેવી ના હોય તો શંકા ! તમામ દુઃખોનું મૂળ કારણ આ શંકા છે. એટલે અમને કોઈ કહે ને કે, ''શંકા ઊભી થાય છે'' તે અમે તો અમને શીખવાડતા કે ''શંકા જડમૂળ થી ઉખેડીને ફેંકી દો''.

**પ્રશ્નકર્તાઃ** શંકામાં કેવી ખોટ જાય છે?

**દાદાશ્રી :** શંકા દુઃખ જ છે ને !પ્રત્યક્ષ દુઃખ !એ કોઈ ઓછી ખોટ કહેવાય ? શંકામાં વધારે ઉતરે તો મરણતોલ દુઃખ થાય. શંકા થતા જ સામા જોડે જુદાઈ પડી જાય. શંકા ના પડઘા સામા પર પડ્યા વગર રહે જ નહિ; શંકામાં બે ખોટ : એક તો પોતાને પ્રત્યક્ષ દુઃખ ભોગવવાનું ને, બીજું સામાને ગુનેગાર દેખ્યો.

**પ્રશ્નકર્તા :** તો પછી શંકા માણસ માંથી કેવી રીતે નીકળી શકે?

**દાદાશ્રી :** ના નીકળે કોઈ દહાડો, એટલે શંકા પેસવા જ ના દે તો બસ થયું.

શંકા જન્મતાં જ મારવી.

શંકા કરવી એના કરતાં તેને બે ધોલ મારી દેવી સારી.

**પ્રશ્નકર્તા :** સામા પર શંકા કરવી નથી છતાં શંકા આવે, તો તેને શી રીતે દૂર કરવી?

**દાદાશ્રી :** ત્યાં, પછી એના શુદ્ધાત્મા ને સંભારીને ક્ષમા માંગવી, એનું પ્રતિક્રમણ કરવું. આ તો પહેલાં ભૂલો કરેલી તેની શંકા આવે છે.

# અનુભવ

એક દિવસ મારા પતિના ખીસામાંથી મને ચિઠ્ઠી મળી જેમાં કોઈ છોકરીનું નામ લખ્યું હતું અને અમુક કરારો. આ વાંચીને હું સ્તબ્ધ થઈ ગઈ. શું કરવું કંઈ સમજાતું નહોતું, આ ઘટના પછી જે શંકાઓ ઊભી થઈ છે એની શું વાત કરું, એ શંકા બે વર્ષ સુધી ચાલી. મારા પતિ સાચું કહે એના, માટે મેં ખૂબ નાટકો કર્યા. હું મરી જઈશ અને મરવાની તૈયારી પણ કરી. પણ, ત્યારે મને જ્ઞાન હાજર હતું કે આ બળે છે, એ હું નથી. ''હું શુદ્ધાત્મા છું.'' તેમણે મને બધું સાચું કહી દીધું છતાં પણ એમની પાછળ મારા છોકરાને મોકલું કે જોઈને આવ કે office ગયા છે કે બીજે ક્યાંય ? ને આખો દિવસ નિરંતર આ જ ચાલે. શું કરતા હશે? ક્યાં હશે? પેલીના ઘરે તો નહિ ગયા હોય ને?, લાવ જોઈને આવું, આવા ભયંકર વિચારો આવતા, મેં જ્ઞાન લીધેલું હતું એટલે જયારે જયારે આવા વિચારો આવે ત્યારે પ્રતિક્રમણ કરું. પછી મેં આપ્તપુત્રી બહેનોને વાત કરી અને એમના કહ્યા પ્રમાણે મારા પતિના અને પેલી છોકરીના બંને ના પ્રતિક્રમણ કર્યા, સામાયિકો કરી, અને પાંચ આજ્ઞા ગોઠવ ગોઠવ કરી, અને અંતે પૂજ્યશ્રીને વાત કરી. પૂજ્યશ્રી એ કહ્યું, આપ્તવાણી-૯ વાંચો એમાં દાદાએ શંકા માટે વાત કરી છે. પણ, મને વાંચતા નથી આવડતું એટલે આપ્તવાણી-૯ તો ન વાંચી પણ, પૂજ્યશ્રીનું કહેલું એક વાક્ય મને યાદ રહી ગયું, ''જે વ્યક્તિ પર શંકા કરો એ જીવની હિંસા કર્યા બરાબર છે.'' અને ત્યાર પછી મને કોઈના પર પણ શંકા થતી નથી અને જો શંકા ઊભી થાય તો પૂજ્યશ્રીનું વાક્ય તરત યાદ આવી જાય અને તરત જ જ્ઞાન ગોઠવાઈ જાય. આમ, જ્ઞાનીના વચનબળથી હું આ શંકામાંથી છૂટી ગઈ.



# Activity

**નીચે આપેલ કીસ્સામાં ક્યાં કષાય(મોહ-ભય-રાગ-દ્વેષ)ને કારણે શંકા ઉત્પન્ન થાય છે.**

૧ અજયભાઈની દીકરી ફોન પર વાત કરીને ફોન સોફા પર મૂકીને જાય છે અને અજયભાઈ તેનો ફોન ચેક કરે છે.





૨ વર્ષાબેન જુએ છે કે સાપ તેમના ઘરમાં જાય છે, પછી સાપને બહાર નીકળતા જોયો નથી.વર્ષાબેન ઘરમાં હજુ સાપ હશે ? એ શું થયા કરે છે?

૩ આ છોડી ઉંમર લાયક થઈ છે. બહાર એકલી જાય છે, ખબર નહીં શું કરતી હશે, એના બાપને તો કંઈ ચિંતા જ નથી. કરશન દાદા તેની પૌત્રી માટે વિચારો કરે છે.





૪ મમ્મી હું તને કહું છું, ''આ રોજ રાત્રે ૧ કે ૧:30 વાગે એ આવે છે, બગડી ગયો છે. એના લફંગા જેવા મિત્રો સાથે જ્યાં-ત્યાં ભટકતો હશે. I hope કે દારૂ-બારૂ ના પીતો હોય.'' અવની તેના ભાઈની વાત મમ્મી ને કરે છે.

૫ મિહિરને તેના boss અને officeની એક બહેન વચ્ચે affair ચાલે છે એવી શંકા છે અને તે આમની વાતો રોજ બધાને કરે છે.





૬ વિદ્યાએ એની સખી મીરાને કોઈ છોકરા સાથે વાત કરતાં જોઈ એટલે એ મનમાં વિચારે છે, આ મીરા વળી ક્યારથી છોકરા સાથે વાતો કરતી થઈ ગઈ. આવી શંકા વિદ્યાને થાય છે.

૭ હીરની ખાનગી વાતો તેની સખી તૃષાને ખબર છે અને હીરને એમ થાય કે તૃષા મારી મમ્મીને તો નહીં કહી દે ને, આવી શંકા હીરને તૃષા પર રહે છે.





૮ રિયા એની બહેનને mobile માં chat કરતાં જુએ છે, એટલે રિયાને એની બહેન પર શંકા થાય છે કે, આ કંઈ અવળા રસ્તે તો નથી ને?

જવાબો : ૧). મોહ, ૨). ભય, ૩). મોહ, ૪). રાગ, ૫). દ્વેષ, ૬). રાગ, ૭). ભય, ૮). મોહ...



# The Experiment

**પ્રયોગ માટે જરૂરી સામગ્રી:** આંખ પર બાંધવાની પટ્ટી, પુસ્તક, પાણી ની બોટલ, ચાવી, મોબાઈલ ફોન, રૂમાલ, ગ્લાસ, હેલ્પર

**સ્ટેપ-૧:** બધી જ વસ્તુઓને ક્રમ આપીને ગોઠવો.



**સ્ટેપ-૨:** પછી બધી જ વસ્તુઓને ક્રમ પ્રમાણે યાદ રાખો.



**સ્ટેપ-3:** હેલ્પર હોય તે રમનાર વ્યક્તિની આંખ પર પટ્ટી બાંધશે.



**સ્ટેપ-૪:** હવે, હેલ્પર ગોઠવેલી વસ્તુઓને પોતાની રીતે અદલ-બદલ કરે.



**સ્ટેપ-૫:** હવે, હેલ્પર રમનાર વ્યક્તિને એક વસ્તુ માટે પૂછશે.
ઉદાહરણ તરીકે: ચાવી??



**સ્ટેપ-૬:** હવે, રમનાર વ્યક્તિએ, એ વસ્તુ( ચાવી ) ક્યા ક્રમ પર છે તે કેહવાનું છે. ઉદાહરણ તરીકે: પાંચ



**નિરીક્ષણ:**

આંખ પર પટ્ટી બાંધ્યા પછી તમે એમ જ માન્યું કે ચાવી ક્રમ પાંચ પર જ છે.

**તારણ:**

મોટે ભાગે તમારી ધારણાઓ ખોટી પડી.

**આધ્યાત્મિક તારણ:**

જયારે આંખ પર પટ્ટી નહોતી ત્યારે જે જોયેલું. એ પટ્ટી લગાવ્યા પછી પણ એવું જ માની લીધું કે, ચાવી ક્રમ ‘‘પાંચ’’ પર જ છે. આવી જ રીતે આપણે જીવનમાં પણ ઘણી વસ્તુઓ આંખથી એક વાર જોઇને માની લઈએ છીએ કે, આ આવું જ છે. પરંતુ, સમય અને સંજોગો સાથે એ વસ્તુ કે વ્યક્તિ બદલાઈ શકે છે. આથી શંકા રાખવા જેવું નથી. એટલે જ તો દાદાશ્રી કહે છે, ‘‘જોવાથી જ જો શંકા ઊભી થાય છે તો નથી જોયું એમ વિચારી કરેક્ટ કરી નાખ ને !’’

# આ તો નવી જ વાત

## શંકાનું મૂળ

જગતમાં બધા અનર્થનું મોટામાં મોટું મૂળ હોય તો શંકા. શંકા ઉત્પન્ન કરનારી બુદ્ધિ.

## શંકાની વળગણ

એ ભૂત જેવી છે, ડાકણ જેવી છે, શંકા કરતાં ડાકણ વળગી હોય તે સારી. તે કો'ક ઉતારી આપે પણ, શંકા વળગેલી જાય નહિ.

## શંકા એ Poison

શંકા એવડું મોટું Poison છે કે, એક મિનિટથી વધારે લેવામાં આવે તો આપઘાત થાય.

## નિ:શંકતાથી શંકા જાય.

શંકાશીલનું કોઈ કાર્ય સિદ્ધ જ ન થાય. નિ:શંકતાને જ સિદ્ધિ વરે.

## શંકા એ ભયંકર રોગ

એટલે આ શંકા એ તો ટીબીનો રોગ છે. એ શંકા જેને ઉત્પન્ન થઈ ગઈ. એને ટીબીની શરૂઆત થઇ ગઈ. એટલે શંકા કોઈ રીતે હેલ્પ કરે નહિ.

## બીજમાંથી જંગલ

કેટલા બધાં ઝાડ ઊગી નીકળે પછી ! બીજ એક અને સત્તરસો જાતની વનસ્પતિ ઊગી નીકળે !

# મહા FUZION 2017

વીતેલા ૧૦ વર્ષ Fuzionના ભૂલ્યા એવા ના હતા. આ લાંબી સફરની યાદગીરીમા આ વર્ષે મહા Fuzion ઉજવાયું જેમાં યુથે જૂની અને નવી આનંદદાયક અનુભવોની પળો દિલમાં સમાવી લીધી હતી. આ વખતે મહા Fuzion કંઈક નવું અને જુદું હતું. કારણકે આ વખતે બધા યુથ રિસ્પોન્સબીલીટી સાથે વિવિધ સેવામાં જોડાયા હતા.



ફેર પ્રેઝન્ટેશન



લાઈવ મ્યુજીકલ શો



ગેમ



ટેલેન્ટ



ટેલેન્ટ



મ્યુઝિયમ



આપ્તસંકુલ ટચ



પૂજ્યશ્રી દર્શન




પૂજ્યશ્રીની સરપ્રાઇઝ વિઝીટ

પૂજ્યશ્રી જોડે ગ્રુપ ફોટો, ફૂડમેલાનું કરવામાં આવ્યું આયોજન,
પ્રક્ષાલ અને આરતી, પૂજ્યશ્રી સત્સંગ અને દર્શન,
આપ્તસંકુલ ટચ, ગેમ-એક્ટીવીટી





















# Puzzles

**૧** જો ૫ મશીન ૫ મિનિટમાં ૫ પાર્ટસ બનાવે, તો ૧૦૦ મશીનને ૧૦૦ પાર્ટસ બનાવવામાં કેટલો સમય લાગશે?



**૨** એક બેટ અને બોલની કિંમત ૧.૧૦ છે. બેટની કિંમત બોલની કિંમત કરતાં ૧ ડોલર વધારે છે. **શંકા** તો બોલની કિંમત શું હશે?

**3** ઓસ્ટ્રેલિયાના એક ખેડૂતે જામફળના સુંદર ઝાડ ઉછેર્યા, કે જેથી તે પોતાના બધાં જ ફળો નજીકના મોલ્સમાં વેચી શકે.
એક મોલના માલિકે ખેડૂતને ફોન કરીને પૂછ્યું કે, તે કુલ કેટલા જામફળ તેને વેચવા આપી શકશે?
કમનસીબે, ખેડૂત ઝાડ પાસે નહતો, તેથી તેને મનમાં જ ગણતરી કરવી પડી કે કુલ કેટલા જામફળ હશે.
તેને ખબર હતી કે ઝાડના મુખ્ય થડની કુલ ૨૪ શાખાઓ હતી. તે દરેક શાખાઓને ૧૨ ડાળીઓ હતી અને તે દરેક ડાળીઓને ૬ પેટા ડાળીઓ હતી. આ દરેક પેટા ડાળીઓ પર એક-એક ફળ હતું, તો ખેડૂત કુલ કેટલા સંતરા મોલના માલિકને વેચી શકશે?

(૧) જવાબ - દરેક મશીન પાર્ટસ બનાવવામાં ૫ મિનિટ લે છે. ૧૦૦ માંના દરેક મશીન પોતાનો પાર્ટસ ૫ મીનીટમાં પુરો કરે છે.
(૨) જવાબ - બોલની કિંમત ૫ સેન્ટ થશે, ૧૦ સેન્ટ નહીં. ૧૦ સેન્ટથી એક ડોલર વધારે, એટલે ૧.૧૦, ૧.૧૦ ૧૦સેન્ટ = ૧.૨૦ થશે. ૫ સેન્ટથી એક ડોલર વધારે એટલે ૧.૦૫ થાય. જેમનો સરવાળો થશે ૧.૧૦.
(3) જવાબ - એક પણ નહીં! ખેડૂતે સંતરા ના ઝાડ ઉગાડયા જ નહતા... તેણે જામફળના ઝાડ ઉગાડયા હતાં!!

નવેમ્બર ૨૦૧૭
વર્ષ: ૫, અંક : ૦૭
સળંગ અંક : ૫૫

# અક્રમ યુથ

Date of Publication: 22nd of Every Month
RNI No. GUJGUJ/2013/53113
Reg. No. G-GNR-310/2017-2019
Valid up to 31-12-2019
LPWP Licence No. CPMG/120/2017
Valid up to 31-12-2019
Posted at Adalaj Post Office
on 22th of every month



આ દુનિયામાં શંકાશીલ અને મરેલો, બે સરખાં જ છે. જે માણસને બધે શંકા આવ્યા કરતી હોય તે શંકાશીલ. શંકાશીલ ને મરેલો, બેમાં ફેર નથી. એ મરેલું જીવન જીવે.

\- દાદાશ્રી

Send your suggestions and feedback at: akramyouth@dadabhagwan.org
Printed and Published by Dimple Mehta on behalf of Mahavideh Foundation-Owner.
Printed at : Amba Offset, Basement, Parshvanath Chambers, Usmanpura, Ahmedabad-38014

Dada's Youth Network